### ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ઉપક્રમે વીપીએમપી પોલીટેકનીકખાતે

# વિદ્યાર્થીઓનું થેલેસેમિયા માઈનોર - સિકલસેલ સ્ક્રિનિંગ





ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સ્ટેટ બ્રાન્ચ રેડ ક્રોસ અને વીપીએમપી પોલીટેકનીકના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા માઈનોર - સિકલસેલ સ્ક્રિનીંગ ટેસ્ટનું આયોજન વીપીએમપી પોલીટેકનીક, સેક્ટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું. ૧૧૦ વિદ્યાર્થિનીઓ અને ૯૫ જેટલા વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. સ્ટેટ રેડ ક્રોસના ફિલ્ડ મેનેજર નિલેશભાઈ, ભરતભાઈ, ભાવેશભાઈ તથા કૉલેજના ડૉ. મનીષભાઈ વ્યાસ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉપક્રમને સફળ બનાવવા માટે જિલ્લા રેડ ક્રોસના અશ્વિનભાઈ દવે, જી પી પટેલ, લાલજી હેરમા, જી કે ત્રિવેદી અને જીલુભા ધાંધલ દ્વારા સક્રિય યોગદાન આપવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**હસમુખ વી ઠાકર**
કાનૂન મંત્રી, ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ
આંતરિક ઓડિટર, સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સે. ૨૨
મો. ૭૮૭૪૪ ૧૪૦૬૬



**ઓમ નાયર**



**કૌશલ એન સોની**
મો. ૯૬૨૪૧ ૨૪૧૬૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ગાંધીનગર બ્રહ્માકુમારીઝ ખાતે જન્મદિન મુબારક સમારોહ



ગાંધીનગર, તા. ૨૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગરના પીસ પાર્ક હોલમાં ગુરુવારે સાંજે કૈલાશ દીદીની અધ્યક્ષતામાં ખૂબ સુંદર જન્મદિન મુબારક સમારોહ યોજવામાં આવ્યો હતો.

એપ્રિલ માસમાં ૨૦ એપ્રિલના રોજ રાજયોગિની કૈલાશ દીદીજીનો, ૧૮ એપ્રિલના રોજ બ્રહ્માકુમાર રાજુભાઈ શાહનો તથા ૧૯ એપ્રિલના રોજ બી.કે.ધર્મિષ્ઠાબેન (ટીનાબેન)નો જન્મ દિવસ આવે છે. પણ આદરણીય દીદીજી આ સમય નાગપુર ખાતે ઈશ્વરીય સેવા પ્રવાસ પર હોઈ ૨૫ એપ્રિલના રોજ સાંજે ૭.૦૦ વાગે જન્મદિન મુબારક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગુરુવાર અને જન્મ દિન મુબારક એ બે ના સંગમ રૂપે પરમાત્મા શિવબાબાને વિશેષ ભોગ ધરાવવામાં આવ્યો હતો. વિવિધ રાજ્યના પ્રતિનિધિ તરફથી કૈલાશ દીદીજીનું સ્વાગત અભિવાદન વિવિધ રીતે કરવામાં આવ્યું હતું.

ગુજરાત તરફથી કૅપિટલ ઑફસેટ અને કૅપિટલ વર્તમાન દૈનિકના અગ્રણી રમેશભાઈ પટેલ અને શાંતિબેન, રાજસ્થાન તરફથી આયુર્વેદ તબીબ ડૉ. અનુરાધાબેન શેખાવત, મહારાષ્ટ્ર તરફથી કોમલબેન, દરબાર ગઢ તરફથી ક્રિષ્ણાબા અને વિક્રમસિંહ ઝાલા, સાઉથ ઈન્ડિયા તરફથી ગીતાદેવી અને પંજાબ તરફથી નિલમબેન સુરીએ કૈલાશદીદીનું અભિવાદન કર્યું હતું. સમારોહ અંતર્ગત બ્લ્યૂ બબલ્સ એકેડેમીનાં કલાકાર અને નગરસેવક હર્ષાબા ધાંધલનાં સુપુત્રી મયૂરી, કશ્યપભાઈ નિમાવતનાં સુપુત્રી રીયા દ્વારા નૃત્ય અને સાગરભાઈ તેમજ સરઢવ ગામની બે દીકરીઓ તરફથી સુંદર ગીતોની પ્રસ્તુતી કરવામાં આવી હતી. નાયડુ પરિવારની બે પુત્રી તરફથી દીદીજી માટે સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ઈસરોના સાયન્ટીસ્ટ તથા બર્કલેય બૅંકના પૂર્વ મેનેજર અને ગ્લોબલ હોસ્પિટલ માઉન્ટ આબુના ટ્રસ્ટી રશ્મિકાંત આચાર્ય, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, દિનેશભાઈ, રમેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. દીદીજીએ પણ પોતાના હર્ષ ઉદ્‌ગાર અભિવ્યક્ત કરી સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

# ગાયત્રી પરિવાર દ્વારા બીજી જૂને સમગ્ર દેશમાં ગાયત્રી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાયત્રી પરિવાર દ્વારા સમગ્ર દેશમાં એક જ દિવસે ૨.૪૦ લાખ સ્થાનોએ ગાયત્રી યજ્ઞનનું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત ગુજરાતમાં ૩૦ હજારથી વધુ સ્થાનોએ ગાયત્રી યજ્ઞ થશે. આ ગાયત્રી યજ્ઞના માધ્યમથી વાતાવરણમાં સકારાત્મક સર્જાય અને પર્યાવરણ શુદ્ધિ થાય તેવો પરિવારનો હેતુ છે.

વંદનીય માતાજીના જન્મ શતાબ્દિ વર્ષને ઉપાસના વર્ષ તરીકે ઉજવવાનો પરિવારનો નિર્ધાર છે, જે અંતર્ગત સમાજમાં વ્યાપક વિધેયાત્મક પરિવર્તન આવે તેવા લક્ષ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રમમાં આગામી તા. બીજી જૂને દેશમાં એકસાથે ૨.૪૦ લાખથી વધુ ઘરોમાં એક જ દિવસે ગાયત્રી યજ્ઞ કરાશે. ગુજરાતમાં પણ એક સાથે ૩૦ હજાર ઘરોમાં ગાયત્રી યજ્ઞ કરાશે. આ ઉપક્રમમાં શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠો, મહિલા મંડળો પણ સાજેદાર બનશે.

આના કારણે વાતાવરણમાં એક પવિત્રતાનું વાતાવરણ સર્જાય અને સાથોસાથ આ ઔષધયુક્ત હવનસામગ્રીને કારણે પર્યાવરણમાં પણ તેની સારી અસર જોવામાં આવે એવો પરિવારનો હેતુ છે. ઉપરાંત યજ્ઞમાં આહૂતિ આપવાની સાથે વૈદિક મંત્ર પણ બોલવામાં આવે છે, તેની ધ્વનિ પણ તેમાં જોડાય છે. તેનાથી પણ સમગ્ર વાતાવરણ સકારાત્મક ઊર્જાથી સભર બની જાય છે.

## દાદાભગવાન પરિવાર દ્વારા રવિવારે આંબેડકર હૉલમાં સત્સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

દાદા ભગવાન પરિવાર, ગાંધીનગર સૅન્ટર દ્વારા આત્મજ્ઞાની પૂ. નીરુમા અને આત્મજ્ઞાની પૂ. દિપકભાઈના આશીર્વાદ પ્રાપ્ત આપ્ત પુત્રના સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સૅન્ટરના સંયોજક આર એમ સોંદરવાએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ડૉ. આંબેડકર ભવન, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૮મી એપ્રિલ ને રવિવારના રોજ સવારે ૯ કલાકથી બપોરે ૧ કલાક સુધી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ સત્સંગ કાર્યક્રમનો લાભ લેવા તેમણે સાદર આમંત્રણ પાઠવ્યું છે.

### ગુજરાત યુનિવર્સિટી દ્વારા

# પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ શરૂ થશે

## સરકાર સાથે યુનિ.નો એમઓયુ : માત્ર ૧૦ હજાર ફી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી દિવસોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો કોર્સ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ કોર્સની કુલફી ૫૦ હજાર રૂપિયા નિયત કરવામાં આવી છે, પરંતુ યુનિવર્સિટીએ સરકાર સાથે કરેલા એમઓયુ પ્રમાણે જે વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ મેળવશે તેને ૪૦ હજાર રૂપિયા સ્કૉલરશીપ આપવામાં આવશે. એટલે કે વિદ્યાર્થીને માત્ર ૧૦ હજાર રૂપિયા ફી ભરવાની રહેશે.

ચાલુ વર્ષથી જ કોઈપણ ફૅકલ્ટીમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ મૅરિટના આધારે આ કોર્સમાં પ્રવેશ મેળવી શકશે. કોર્સમાં પ્રારંભિક તબક્કામાં ૩૦ બેઠકો રાખવામાં આવી છે.

સરકાર દ્વારા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સને પ્રોત્સાહન મળે તે માટે આ પ્રકારના એમઓયુ યુનિવર્સિટી સાથે કરવામાં આવ્યા છે. જેનો સીધો ફાયદો વિદ્યાર્થીઓને મળી રહ્યો છે અને તેને કારણે જ વિદ્યાર્થીઓને ૫૦ હજારના સ્થાને માત્ર ૧૦ હજાર ફી ચૂકવીને આ અભ્યાસક્રમનો લાભ મળી શકશે.

# ગાંધીજીનો વિનોદ

॥ દસમો મણકો ॥

આ જવાબથી ગાંધીજી વધુ ખીલ્યા : મારા જેવા ગરીબ બુઢ્ઢા અને બોખા આદમીને એકવાર જોયા પછી તે ભાગ્યે જ બીજી વાર જોશે.

'ના, ના..' ટાગોર બોલી ઊઠ્યા, 'અમારી રાણી તો સત્યની પૂજારણ છે અને ıટલાં વર્ષોથી તે એકધારી રીતે સત્યને જ પૂજતી આવી છે.'.

ગાંધીજી : એમ ! ત્યારે મારા જેવા બોખા અને બુઢ્ઢા આદમીને પણ સ્થાન છે ખરું.

આવા વિનોદી વાર્તાલાપપછી ટાગોરે ગાંધીજીની વિદાય લીધી. ગાંધીજીએ શણગારની કેટલીક વસ્તુઓ ખસેડીને ખૂણામાં મુકાવી દીધી. ત્યાં રેંટિયો અને બીજી સામગ્રી આવી ગઈ. પથારી પણતે ઓરડામાંથી બહાર કઢાવી અને હંમેશ મુજબ ખુલ્લા આકાશની છત્રછાયા નીચે સૂતા.

બીજે દિવસે કવિવર ગાંધીજીને મળવા આવ્યા. ઓરડાની દશા જોઈ તેમણે વિનોદની ધારા ચાલુ કરી, 'અરે રામ ! કન્યાનો મંડપ તો દેખાતો પણ નથી. વર તો બેઠેલા છે પણ કન્યા બિચારી ભાગી ગઈ કે શું ?'

ગાંધીજી (ગુરુદેવને આવકાર આપવા ઊભા થઈને) : મેં પહેલેથી જ ચેતવણી નહોતી આપી કે આ બોખા, બુઢ્ઢાની દરકાર નહીં રાખી શકે ?

બંને વૃદ્ધ મહાપુરુષોના અટ્ટહાસ્યથી શાંતિનિકેતન ગુંજી રહ્યું હતું.

**૧૯ - દયા**

ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમમાં દારૂબંધીને મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. દારૂતાડીનાં પીઠાં બંધ કરવા માટે પિકેટિંગનો કાર્યક્રમ પણ અમલમાં મૂક્યો હતો. 'મને લીંબુઉછાળ સમય માટે રાજ મળે તો પહેલો કાયદો દારૂબંધીનો જ કરું' એવું તેઓ કહેતા. તે તેમની દારૂના વિનાશમાંથી પ્રજાને બચાવી લેવાની તાલાવેલી બતાવે છે.


પણ પરદેશમાં દારૂ પીવાની સભ્યતા મનાય છે. ત્યાં ગાંધીજીનું દારૂ બંધ કરવાનું કડક વલણ અને દારૂબંધીની હિલચાલનું ખરું સ્વરૂપ ન સમજાયું હોય એમ સંભવે. ગોળમેજી પરિષદ વેળા તેઓ ઑક્સફર્ડની મુલાકાતે ગયા હતા ત્યારે એક વિદ્યાર્થીએ પૂછ્યું : દારૂ પીનારાઓ પ્રત્યે તમે આટલા બધા નિર્દય કેમ થાઓ છો ?

ગાંધીજી : એ બદીની ખરાબ અસરના જેઓ ભોગ થઈ પડ્યા છે તેમના પ્રત્યે મને દયા છે તેથી.

આવો ટૂંકો ને ટચ છતાં વિનોદી જવાબ સાંભળી વિદ્યાર્થીઓ પ્રસન્ન થયા.

૨૦ - તમે મિજાજ ગુમાવો છો ?

ઈંગ્લેન્ડમાં ગાંધીજી એટલા બધા કામમાં રહેતા કે માંડ બે કલાક રાત્રે તેમને ઊંઘવાના મળતા. કામમાં તેઓ દટાઈ રહેતા છતાં તેમના મુખ પરની પ્રસન્નતા જરાય ઓછી થતી ન હતી. તેથી ઘણા અંગ્રેજોને આશ્ચર્ય થતું. એકવાર એક દંદપતી તેમની મુલાકાતે આવ્યાં હતાં. કુતૂહલભરી નિખાલસતાથી સ્ત્રીએ પૂછ્યું : મિ. ગાંધી ! તમારો મિજાજ કોઈ વાર જાય છે ખરો ?



ગાંધીજી : મારી પત્નીને પૂછો. તે તમને કહેશે કે દુનિયા જોડે હું બહુ સારી રીતે વર્તું છું પણ એકલો એની સાથે જ નહીં.

સ્ત્રી : મારા પતિ તો મારી સાથે બહુ જ સારી રીતે વર્તે છે.

ગાંધીજી : ત્યારે તો મને ખાતરી છે કે તમે એમને ભારે લાંચ આપી હશે.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# એન.આઈ.ડી.માં પ્રવેશ માટે પરીક્ષાની માહિતી આપશો




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. KVPY પરીશા શું છે? કોણ KVPY પરીક્ષા આપી શકે ? આ પરીક્ષા આપવાથી શું ફાયદો થાય?**
**- અર્પિતા સોની, હિંમતનગર**



ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ ટેક્નોલોજી દ્વારા હોશિયાર વિદ્યાર્થીઓ બેઝિક સાયન્સમાં રિસર્ચમાં પોતાનું કરીયર બનાવે તે માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી આ કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના (KVPY) પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે. આ પરીક્ષા પાસ કરનાર તેમજ મેરિટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીને ધો.૧૨ સાયન્સ પછી આગળ ઉપર બી.એસસી., બી.એસ., બી.સ્ટેટ., બી.મેથ્સ., ઈન્ટિગ્રેટેડ એમ. એસ. સી. જેવા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારને દર મહિને રૂ.૫૦૦૦ સ્કોલરશિપ તથા વાર્ષિક એક વાર કન્ટિજન્સી ગ્રાન્ટ રૂ.૨૦,૦૦૦ મળવાપાત્ર છે. બી.એસસી. બાદ આગળ ઉપર એમ.એસ.સી. અભ્યાસક્રમમાં પણ વિદ્યાર્થીને મહિને રૂ.૭૦૦૦ સ્કોલરશીપ તથા વાર્ષિક એકવાર કન્ટિજન્સી ગ્રાન્ટ રૂ.૨૮,૦૦૦ મળવાપાત્ર છે. હા પણ સ્કોલરશિપ પણ મેળવનાર વિદ્યાર્થીએ અભ્યાસક્રમમાં ૬૦ ટકા (એસ.સી./એસ.ટી./અપંગ ૫૦ ટકા)નું ધોરણ જાળવી રાખવું જરૂરી છે. આ પરીક્ષાને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવી છે. પ્રથમ SX સ્ટ્રીમની પરીક્ષા ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતા હોય તથા ગણિત અને વિજ્ઞાનના વિષયમાં ધો.૧૦માં ૭૫ ટકા (એસ.સી./એસ.ટી./અપંગ ૬૫ ટકા) મેળવેલ હોય તેઓ અરજીપાત્ર છે. દ્વિતીય જીઠ સ્ટ્રીમ માટે ધો.૧૨ સાયન્સમાં લઘુત્તમ ૬૦ ટકા (એસ.સી./એસ.ટી./અપંગ ૫૦ ટકા)નું ધોરણ જાળવી રાખવાનું રહેશે. ત્રીજા વિભાગમાં સ્ટ્રીમ SBની પરીક્ષા પ્રથમ વર્ષ બી.એસસી.માં અભ્યાસ કરતા હોય તેઓ આપી શકે છે. આ કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજનાની જાહેરાત સામાન્ય રીતે જુલાઈ માસમાં આવતી હોય છે. આપ જો ભવિષ્યમાં આપની દીકરીને સાયન્સ કરાવવાના હોય તો ધો.૧૧ સાયન્સમાં હશે ત્યારે આ પરીક્ષા આપી શકશે. હા પરંતુ ગણિત અને વિજ્ઞાનના વિષયમાં અહીં જણાવેલ ટકાવારીનું ધોરણ જાળવી રાખવું જરૂરી છે.

**૨. એન.આઈ.ડી. માટેની પરીક્ષાની માહિતી આપશો.**
**- જતિન રાજગોર ,ગાંધીનગર**



એન.આઈ.ડી એટ્લે કે નેશનલ ઈન્સટીટ્યુટ ઑફ ડિઝાઈનની ટેસ્ટને ડિઝાઈન એપ્ટિટ્યૂડ ટેસ્ટ (ડી.એ.ટી) કેહવાય છે. તેમાં મુખ્યત્વે બે પેપર આવે છે - પેપર-૧ માં ઓબ્જેક્ટિવ એટ્લે કે એમ.સી.ક્યુ. આધારિત અને ડિસ્ક્રિપ્ટિવ (લેખિત) આધારિત પ્રશ્નો હોય છે. આ પેપર કુલ સો માર્ક્સનું હોય છે. તેમાં ૭૦ માર્ક્સના ઓબ્જેક્ટિવ અને ૩૦ માર્ક્સના ડિસ્ક્રિપ્ટિવ અધારિત પ્રશ્નો હોય છે. પ્રશ્નો વિશે વાત કરીએ તો મુખ્યત્વે આ પરીક્ષામાં વિઝ્યુલ ડિઝાઈન, કોમ્યુનિકેશન એબિલિટી, થિમેટિક કલર અરેંજમેંટ, જનરલ મેન્ટ્લ એબિલિટી એટ્લે કે તાર્કિક શક્તિ, વિગેરેના પ્રશ્નો પૂછાતા હોય છે. આ પેપર ૩ કલાકનું રહે છે તથા આ પેપરમાં કોઈ નેગેટિવ માર્ક્સ હોતા નથી એટ્લે કે પ્રશ્ન ખોટો પડે તો કોઈ વધારાના ગુણ કપાતા નથી. પેપર-૧માં ઉત્તિર્ણ થયા પછી પેપર-૨ આપવામાં આવે છે. પેપર-૨ની વાત કરીએ તો તેમાં સ્ટુડિઓ ટેસ્ટ લેવામાં આવે છે. સ્ટુડિઓ ટેસ્ટમાં ૩ડી મોડેલિંગ, પોર્ટફોલિયો મેકિંગ, ડૂડલિંગ, ક્રિએટિવ થિંકિંગ, વિગેરે મુદ્દાઓ પર વિદ્યાર્થીને ચકાસવામાં આવે છે. જેમાં અલગ-અલગ પ્રકારના તમારા ક્ષેત્રને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે. પરીક્ષાની તૈયારી વિશે વાત કરીએ તો આપે આ માટે પરીક્ષાને લગતા મોડેલ પેપરનું અધ્યયન કરી અને સોલ્વ કરી શકો છો. એ સિવાય આપે ડિઝાઈનિંગને લગતા વિષય પર રસ દાખવી એ વિશે પણ માહિતી પ્રાપ્ત કરવાની રહે છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

**૩. સીએ બનવા માટે શું કરવું ? સારા સ્ટેટસવાળી જૉબ મેળવવા માટે શું કરવું ?**
**- ધ્યાન પટેલ , ગાંધીનગર**

ધ્યાન, સી.એ બનવા માટે સામાન્ય રીતે ત્રણ તબક્કા હોય છે. પ્રથમ છે સી.પી.ટી. એટ્લે કે કોમન પ્રોફિશિએંસી ટેસ્ટ. એ પાસ કર્યા પછી આવે છે આઈ. પી. સી. સી. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પેટેન્સી કોર્સ.એ પછી આવે છે આર્ટીકલશિપ કે જેમાં આપે કોઈ સી.એ. જોડે ૩ વર્ષ પ્રેક્ટિસ કરવાની હોય છે. આર્ટીકલશિપ કર્યા પછી આપ સી.એ. ફાઈનલની પરીક્ષા આપી શકો છો. તેમાં ઉત્તિર્ણ થયા બાદ આપ સી.એ. બની શકો છો. આ પ્રથમ તબક્કો એટ્લે કે સી.પી.ટી. આપ ધોરણ ૧૨ પછી આપી શકો છો. જો આપ ગ્રેજ્યુએશન પછી સી.એ. કરવા માંગો છો તો આપ ડાઈરેક્ટ આઈ.પી.સી.સી. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પેટેન્સી કોર્સમાં ઉત્તિર્ણ થવાનુ હોય છે. તેના પછી આપ આર્ટીકલશિપ અને સી.એ. ફાઈનલની પરીક્ષા આપી, સી.એ. બની શકો છો. હવે



આપના બીજા પ્રશ્ન પર આવીએ એ સારા સ્ટેટસવાળી જોબ મેળવવા માટે શું કરવું? તો આપને જણાવી દઈએ કે સ્ટેટસ કે સ્ટેટસ એ સફળતા સાથે જોડાયેલુ છે. અને સફળતા એ આપના કામ જોડે જોડાયેલી છે. જો આપ કામ ખુબજ સારું કરશો તો આપ ને સફળતા અને સ્ટેટસ બંને મળશે. ઉધારણ તરીકે સચિન તેંદુલકરએ કોઈ સ્પેશિયલ કોર્સ નથી કર્યો પણ તે પોતાના કામમાં ખૂબ રુચિ ધરાવે છે અને એટલેજ તે સફળ પણ છે અને તેની પાસે ખૂબ સારું સ્ટેટસ પણ છે. રુચિ એટ્લે કે લગાવ કયા ક્ષેત્ર માટે વધુ છે એ મહત્વનું છે. જે ક્ષેત્રમાં આપને લગાવ હોય તે ક્ષેત્ર આપ પસંદ કરો છો તો આપને એમાં સફળતા અચૂક મળે છે. જેમ કે સી.એ. અને એમ.બીમ.એ. બન્નેમાં આપને સારા સ્ટેટસ ની જોબ મળી શકે છે. પણ અંતે આપેજ નક્કી કરવાનું રહે છે કે આપને રુચિ કયા વિકલ્પ તરફ વધુ છે. આપ સફળ હશો તો સ્ટેટસ આપોઆપ મળશે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુકઃ www.facebook.com/questions.careercorner